BUSINESS મિત્ર

નાયરા એનર્જીએ પેટ્રોલ-ડીઝલના ભાવમાં કર્યો તોતિંગ વધારો

પેટ્રોલમાં ૩.5 અને ડીઝલમાં ૩.3 રૂપિયાનો વધારો

દેશભરમાં સાત હજાર જેટલા પંપો ધરાવતી આ કંપનીએ યુદ્ધ વચ્ચે વધતા ઇનપુટ ખર્ચનો અમુક હિસ્સો ગ્રાહકો પાસેથી વસૂલ કરવાનો નિર્ણય કર્યો

નવી દિલ્હી, તા. 26(પીટીઆઈ): ભારતની સૌથી મોટી ખાનગી ફ્યુઅલ રિટેલર કંપની નાયરા એનર્જીએ ગુરુવારે પેટ્રોલના ભાવમાં લિટર દીઠ 5 રૂપિયા અને ડીઝલમાં 3 રૂપિયાનો વધારો કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મધ્ય પૂર્વમાં યુદ્ધને કારણે તાજેતરમાં વૈશ્વિક તેલના ભાવમાં થયેલા ઉછાળાનો આંશિક બોજ ગ્રાહકો પર નાખવામાં આવ્યો છે.

ભારતમાં ઈંધણ માર્કેટિંગ કંપનીઓ ભારે દબાણ હેઠળ છે, કારણ કે 28 ફેબ્રુઆરીથી આંતરરાષ્ટ્રીય તેલના ભાવમાં લગભગ 50 ટકાનો ઉછાળો આવ્યો હોવા છતાં રિટેલ પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રાખવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન સામે સૈન્ય હુમલા કર્યા હતા, જેના જવાબમાં તેહરાન દ્વારા વળતી કાર્યવાહી કરવામાં આવી હતી.

નાયરા એનર્જી, જે ભારતના કુલ 1,02,075 પેટ્રોલ પંપોમાંથી 6,967 પંપોનું સંચાલન કરે છે, તેણે વધતા ઈનપુટ ખર્ચનો અમુક હિસ્સો ગ્રાહકો પાસેથી વસૂલવાનો નિર્ણય લીધો છે, તેમ આ બાબતની સીધી જાણકારી ધરાવતા બે સૂત્રોએ જણાવ્યું હતું. નાયરાના પંપ પર હવે પેટ્રોલની કિંમત 100.71 પ્રતિ લિટર અને ડીઝલની કિંમત 91.31 પ્રતિ લિટર થઈ ગઈ છે.

ભાવવધારાના ચોક્કસ આંકડા આપ્યા વિના કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ક્રૂડ ઓઈલના પુરવઠામાં સતત આવી રહેલા અવરોધોને કારણે ઉદ્યોગમાં અભૂતપૂર્વ પડકારો ઊભા થયા છે, જેની અસર ઈંધણના વિતરણ અને ઉપલબ્ધતા પર પડી રહી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને બીપી પીએલસી(BP Plc)ના સંયુક્ત સાહસ જિયો-બીપી (Jio-bp) પાસે 2,185 આઉટલેટ્સ છે, પરંતુ પેટ્રોલ અને ડીઝલના વેચાણ પર ભારે નુકસાન વેઠ્યા હોવા છતાં તેમણે હજુ સુધી ભાવમાં વધારો કર્યો નથી. સરકારી માલિકીની ઈંધણ રિટેલર કંપનીઓ, જે બજારનો લગભગ 90 ટકા હિસ્સો ધરાવે છે, તેમણે પણ ભાવ સ્થિર રાખ્યા છે. જો કે સરકારી કંપનીઓ પ્રિમિયમ પેટ્રોલ અને ઔદ્યોગિક વપરાશ માટેના બલ્ક ડીઝલમાં ભાવવધારો કરી ચુકી છે.

ક્રુડના ભાવ ફરીથી 100ને પાર

અમેરિકાના પ્રસ્તાવને ફગાવી દેતા ઇરાન સાથે યુદ્ધ ફરીથી તીવ્ર બનવાની દહેશત

નવી દિલ્હી, તા. 26: અમેરિકાના 15 મુદ્દાના સીઝ ફાયરના પ્રસ્તાવને તેહરાને ફગાવી દીધા બાદક્રુડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો. ટ્રમ્પે આ સપ્તાહે ઈરાનને હોર્મુઝની સામુદ્રધુનિને ફરીથી ખોલવા માટે દબાણ કરવાના હેતુથી તેના પાવર પ્લાન્ટસને તોડી પાડવા માટે સ્વનિર્ધારિત સમયમર્યાદા મુલતવી રાખી હતી. ઈરાને ઈઝરાયેલ અને ગલ્ફ આરબ દેશો પર પણ વધુ હુમલા કર્યા હતા, જ્યારે ઈઝરાયેલે તેહરાન પર હવાઈ હુમલા કર્યા હતા અને યુએસએ આ ક્ષેત્રમાં વધુ યુએસ સૈનિકો તૈનાત કરવાની તૈયારી કરી હતી. ઈરાન અને ઓમાન વચ્ચે સ્થિત હોર્મુઝની સામુદ્રધુનિ, જે એક મહત્વપુર્ણ જળમાર્ગ છે અને જ્યાંથી વિશ્વના પાંચમા ભાગના ક્રુડનું પરિવહન કરવામાં આવે છે, તે ઈરાન યુદ્ધ શરૂ થયા પછી મોટા ભાગે આ બંધ છે. જેના કારણે ક્રુડ ઓઈલના ભાવમાં અસ્થિરતા આવી છે અને યુદ્ધની શરૂઆતથી જ લગભગ 40 ટકાનો વધારો થયો છે, જે હવે યુદ્ધ ચોથા સપ્તાહમાં પ્રવેશી ચુક્યું છે.

ક્રૂડ $103ને પાર: ઈરાને યુદ્ધ વિરામ ફગાવતા વૈશ્વિક શેરબજારોમાં કડાકો

બે દિવસથી ચાલતા સુધારા તરફી વલણને બ્રેક

રામનવમીના દિવસે ભારતીય શેરબજાર બંધ, પણ આજે ગેપડાઉન ખુલવાના સંકેત

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 26: અમેરિકા સાથે મંત્રણા અને યુદ્ધ વિરામના અહેવાલો ઈરાને ફગાવી દીધા છે, જેના પરિણામે ફરીથી ક્રુડના ભાવમાં ઉછાળો આવ્યો હતો અને તે ફરીથી 100 ડોલરને પાર નીકળીને 103 ડોલર પ્રતિ બેરલ બોલાતો થઈ જતાં વૈશ્વિક બજારોમાં પ્રત્યાઘાત પડ્યા હતા, જેમાં બે દિવસથી જે સુધારા તરફી વલણ હતું, તેમાં બ્રેક વાગી છે. આજે રામનવમી હોવાથી ભારતીય શેરબજારો બંધ રહ્યા હતા. અમેરિકાનો ડાઉ ફ્યુચર પણ લાલ નિશાનમાં ચાલી રહ્યો હોવાથી અમેરિકન બજારો પણ લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે.

પ્રારંભિક ટ્રેડિંગમાં એશિયન બજારો મિશ્ર ટ્રેડિંગ કરી રહ્યા હતા. જે છેલ્લે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 0.97 ટકા, સ્ટ્રેઈટસ 0.34ટકા, હેંગસેંગ 1.99 ટકા, તાઈવાન 0.30 ટકા, કોસ્પી 3.33 ટકા, જકાર્તા 1.93 ટકા અને શાંઘાઈ 1.10 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. યુરોપિયન બજારો પણ લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. અમેરિકામાં બજાર ખુલતા પહેલા બજાર ખુલતા પહેલા એસ એન્ડ પી 500 (S|P 500) અને ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજના ફ્યુચર્સમાં પ્રત્યેકમાં 0.7 ટકાનો ઘટાડો થયો હતો. નાસ્ડેક ફ્યુચર્સ 0.8 ટકા તૂટ્યા હતા. યુરોપમાં મધ્યાહ્ન સમયે બ્રિટનનો FTSE 100 ઈન્ડેક્સ 1.3 ટકા, ફ્રાન્સનો CAC 40 0.7 ટકા અને જર્મનીનો DAX 1.2 ટકા ઘટ્યો હતો.

શેર બાયબેક હવે મોંઘું પડશે: 1લી એપ્રિલથી 12% ફ્લેટ સરચાર્જ લાગુ

વ્યક્તિગત અને કોર્પોરેટ રોકાણકારો માટે બાયબેકથી થતા કેપિટલ ગેઇન પર 12% ફ્લેટ સરચાર્જ

હાલમાં એકથી 10 કરોડ રૂપિયાની આવક પર 7 ટકાનો સરચાર્જ વસુલાઇ રહ્યો છે

નવી દિલ્હી, તા. 26: વ્યક્તિગત રોકાણકારો અથવા કોર્પોરેટ રોકાણકારો બાયબેક ઓફરમાં શેર વેચે છે, તો તેનાથી મળેલા કેપિટલ ગેઈન પર 12 ટકાનો સરચાર્જ વસુલવામાં આવશે. જેનો અમલ 1લી એપ્રિલથી થશે. 25 માર્ચે લોકસભામાં પસાર થયેલા ફાઈનાન્સ બિલમાં સુધારેલા નાણા વિધેયકમાં જોગવાઈ છે. સરકારે 25 માર્ચે ફાઈનાન્સ બિલ 2026માં 32 સુધારા રજૂ કર્યા હતા. બાદમાં લોકસભાએ તેને પસાર કરી દીધા હતા. સંશોધિત નાણા બિલ પર 27 માર્ચે રાજ્યસભામાં ચર્ચા થશે. બાદમાં આ બિલની જોગવાઈઓ 1લી એપ્રિલથી અમલમાં આવશે.

આ સુધારા પર ટિપ્પણી કરતા નિષ્ણાતે કહ્યું કે, શેર બાયબેકથી કેપિટલ ગેઈન પર ફ્લેટ 12 ટકા સરચાર્જ વ્યક્તિગત શેરધારકો માટે અસરકારક કરમાં નોંધપાત્ર વધારો કરશે. અગાઉ ત્યાં ખૂબ જ ઓછો ટેક્સ હતો. હાલના નિયમ હેઠળ 50 લાખ રૂપિયા સુધીની કરપાત્ર આવક પર કોઈ સરચાર્જ નથી. જો તમારી પાસે 50 લાખથી એક કરોડ રૂપિયાની વચ્ચે કરપાત્ર આવક છે, તો બાયબેકના કેપિટલ ગેઈન પર 10 ટકાનો સરચાર્જ વસૂલવામાં આવે છે.

સપાટ 12 ટકા સરચાર્જને કારણે ટેક્સનું બોજ વધશે. આ ડિવિડન્ડ જેવા વિકલ્પો કરતાં શેર બાયબેકને મોંઘો માર્ગ બનાવશે. સરચાર્જને કારણે શેર બાયબેકમાં વ્યક્તિગત શેરહોલ્ડર્સનું ઈન્ટરેસ્ટ ઘટશે. જોકે, તેમણે ઉમેર્યું હતું કે આ સુધારાની અસર નાના અને મધ્યમ કદના શેર બાયબેક પર પડશે. મોટા બાયબેક્સ જેમાં એક કરોડ રૂપિયાથી વધુનો લાભ પહેલાથી જ 15 ટકા સરચાર્જ હેઠળ આવરી લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આનો અર્થ એ છે કે આવી કેટેગરીઓ માટે સરચાર્જમાં ખરેખર ૩ ટકાનો ઘટાડો થશે.

કોર્પોરેટ શેરહોલ્ડરો માટે બાયબેક પર ફ્લેટ 12 ટકા સરચાર્જની અસર એવી પરિસ્થિતિઓમાં પડશે જ્યાં કરપાત્ર આવક એક કરોડ રૂપિયા છે. અગાઉ આવા કોર્પોરેટ શેરહોલ્ડરોને સરચાર્જ ચૂકવવો પડતો ન હતો. હાલમાં એક કરોડથી 10 કરોડ રૂપિયાની આવક પર 7 ટકાનો સરચાર્જ વસુલવામાં આવે છે. એકસમાન 12 ટકા સરચાર્જને કારણે કુલ ટેક્સ બોજ વધશે. આનાથી બાયબેકમાં ભાગ લેવો ખર્ચાળ બનશે.

ગુગલ ઈન્ડિયાના લીગલ હેડ બિજોય રોયે રાજીનામું આપ્યું

ગત વર્ષે ગર્વમેન્ટ રિલેશન હેડ શ્રીનિવાસ રેડ્ડીએ પણ રાજીનામું આપ્યું હતું, જે હજુય ખાલી છે

નવી દિલ્હી, તા. 26: દુનિયાનીઅગ્રણી ટેક કંપની ગુગલ માટે ભારતમાં મુશ્કેલીઓ ઘટાડવાનું નામ લઇ રહી નથી. ભારતમાં કંપનીના ચીફ લીગલ એડવાઈઝરબિજોયરોયે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. રોયની વિદાય એવા સમયે આવી છે જ્યારે ગુગલ ભારતમાં કડક કાયદાઓ અને કોર્ટ લડાઈનો સામનો કરી રહ્યું છે.

રિપોર્ટ્સ અનુસાર, બિજોયરોયે ગયા મહિને પોતાના પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર રોયે અંગત કારણોસર રાજીનામું આપી દીધું છે અને તે પોતાનું નવું સાહસ શરૂ કરવાની યોજના બનાવી રહી છે. બિજોય રોયની વિદાય ગુગલ માટે પણ ચિંતાજનક છે કારણ કે કંપની પાસે હાલમાં ગર્વમેન્ટ રિલેશન હેડ પણ નથી. ગયા વર્ષે શ્રીનિવાસ રેડ્ડીએ આ પદ પરથી રાજીનામું આપી દીધું હતું, જે હજુ ભરવાનું બાકી છે.

ગુગલ માટે ભારત ખૂબ જ મહત્વપૂર્ણ બજાર છે. મોટાભાગના સ્માર્ટફોન ગુગલની ઓપરેટિંગ સિસ્ટમ એન્ડ્રોઇડ પર ચાલે છે, પરંતુ અહીં કંપની આ મોરચે સંઘર્ષ કરી રહી છે. કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા-સીસીઆઈ સાથે ગુગલની કાનૂની લડાઈ ચાલુ છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને તાલીમ આપવા માટે ડેટાનો ઉપયોગ કરવા માટે કાનૂની પડકારો પણ છે. ફેબ્રુઆરી 2026થી, ટેક કંપનીઓ માટે સામગ્રીને દૂર કરવાના નિયમો પહેલા કરતા વધુ કડક બન્યા છે, જે ઓપરેશનલ દબાણમાં વધારો કરે છે.

નિષ્ણાતોનું માનવું છે કે ટોચના કાનુની અને નીતિ અધિકારીઓની ગેરહાજરી ગુગલ માટે ભારત સરકાર સાથે સંકલન કરવામાં મુશ્કેલી ઉભી કરી શકે છે. ખાસ કરીને જ્યારે સરકાર સતત ડિજીટલ કાયદાઓને અપડેટ કરી રહી છે.

નીરવ મોદીની 'ગેમ ઓવર': લંડન હાઈકોર્ટે ભારત પર મૂક્યો ભરોસો

કેસને ફરીથી ખોલવાની અરજી ફગાવી

હાઇકોર્ટ ઓફ જસ્ટિસે કહ્યું કે મોદીને ભારતમાં યાતનાઓ નહીં આપવામાં આવે તેવી ભારત સરકારની ખાતરીઓ વિશ્વાસપાત્ર જણાય છે

નવી દિલ્હી, તા. ૨૬(પીટીઆઈ): યુનાઇટેડ કિંગડમની હાઈકોર્ટ ઓફ જસ્ટિસે ભાગેડુ ઉદ્યોગપતિ નીરવ મોદીની પ્રત્યાર્પણ વિરુદ્ધના કેસને ફરીથી ખોલવાની અરજી ફગાવી દીધી છે. કોર્ટે ભારત સરકાર દ્વારા આપવામાં આવેલી ખાતરીઓની ગુણવત્તા પર ભરોસો મૂક્યો હતો અને જણાવ્યું હતું કે આ ખાતરીઓ ટોર્ચરના જોખમને નકારી કાઢવા માટે પૂરતી વ્યાપક છે, જે જોખમના આધારે કદાચ તેના પ્રત્યાર્પણ પર રોક લાગી શકી હોત. લોર્ડ જસ્ટિસ સ્ટુઅર્ટ-સ્મિથ અને જસ્ટિસ જયની બનેલી ખંડપીઠે બુધવારે ક્રિમિનલ પ્રોસિજર રૂલ્સ હેઠળ નીરવ મોદીની અપીલ ફરી ખોલવાની અરજી ફગાવતા નોંધ્યું હતું કે, સપ્ટેમ્બર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ભારત દ્વારા આપવામાં આવેલી રાજદ્વારી બાંહેધરીઓ વ્યાપક, વિગતવાર અને વિશ્વસનીય છે. નીરવ મોદીની આ અરજી ફેબ્રુઆરી ૨૦૨૫ના સંરક્ષણ સલાહકાર સંજય ભંડારીના પ્રત્યાર્પણ કેસના ચુકાદા પર આધારિત હતી, જેમાં હાઈકોર્ટે ભારતીય એજન્સીઓ દ્વારા કબૂલાત કરાવવા માટે યાતનાના ઉપયોગને સામાન્ય અને પ્રચલિત ગણાવ્યો હતો.

બની બેઠેલા બાબા અશોક ખરાટે ૧૦૦ જેટલી મહિલાઓનું શોષણ કર્યું હતું

જાણીતી કહેવત છે કે '' દુનિયા ઝૂકતી હૈ, ઝૂકાનેવાલા ચાહિયે.' આ કહેવત મહારાષ્ટ્રમાં જ્યોતિષાચાર્ય તરીકે વિખ્યાત થયેલા કેપ્ટન અશોક ખરાટે સાચી પુરવાર કરી છે. અશોક ખરાટને જ્યોતિષ કે કુંડળીનું કોઈ પણ જ્ઞાન નથી; તો પણ તે જ્યોતિષાચાર્ય બની બેઠો હતો. મહારાષ્ટ્રના મોટા મોટા રાજકારણીઓ તેને પોતાની કુંડળી બતાવવા આવતા હતા. અશોક ખરાટ જ્યોતિષ બાબા બનીને ખૂબસૂરત પણ ભોળી મહિલાઓને પોતાની જાળમાં ફસાવતો અને પછી તેમનું જાતીય શોષણ કરતો. તે મહિલાઓ સાથેની કામક્રીડાનાં દૃશ્યો તેમની જાણબહાર કેમેરામાં કેદ કરી લેતો અને પછી તેમને બ્લેકમેઇલ કરતો. આ રીતે ઓછામાં ઓછી ૫૮ મહિલાઓ સાથેના અશ્લીલ વીડિયો તેના પેન ડ્રાઇવમાંથી મળી આવ્યા છે. અશોક ખરાટની માયાજાળમાં મહારાષ્ટ્રના મહિલા આયોગનાં અધ્યક્ષ પણ ફસાઈ ગયાં હતાં. તેમને રાજીનામું આપવાની ફરજ પડી છે. આ રીતે છેતરપિંડી કરવા દ્વારા અશોક ખરાટે ૧૫૦ કરોડ રૂપિયાની સંપત્તિ ભેગી કરી છે. અશોક ખરાટ જેલમાં ધકેલાઈ ગયા પછી તેનાં ઘણાં કૌભાંડો બહાર આવી રહ્યાં છે.

મહારાષ્ટ્રમાં મહિલાઓ પર બળાત્કારના આરોપી જ્યોતિષી અશોક ખરાટનો ગુનાહિત રેકોર્ડ ખુલી રહ્યો છે. અંકશાસ્ત્રી તરીકે ઓળખાતા તેણે અનેક મહિલાઓ પર બળાત્કાર કર્યો હતો. અશોક ખરાટ પર કેટલાક લોકોની બલિ ચઢાવવાની પણ શંકા છે. શોધખોળ દરમિયાન મળેલા હથિયારો, કારતૂસો અને અઘોરી પરંપરાઓ સાથે સંબંધિત રહસ્યમય વસ્તુઓએ કેસને વધુ જટિલ બનાવ્યો છે. તે મહિલાઓને પોતાની જાળમાં ફસાવવા માટે તંત્ર-મંત્ર, દૈવી શક્તિઓ અને ભયનો ઉપયોગ કરતો હતો. અશોક ખરાટના બંગલાની શોધ દરમિયાન ઘણી રહસ્યમય વસ્તુઓ મળી આવી હતી. એક પિસ્તોલમાંથી કારતૂસ મળી આવ્યા હતા, જેનો ઉપયોગ બલિદાનમાં થયો હોવાની શંકા છે. અશોક ખરાટ અઘોરી પરંપરાઓમાં માનતો હતો. તેના કબજામાંથી કસ્તુરી મળી આવી હતી અને તે હરણનો શિકાર કરતો હતો કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે.

નાસિકમાં ભોંડુબાબા અશોક ખરાટનો કેસ હવે વધુ ગંભીર વળાંક લઈ રહ્યો છે. તેના પર મહિલાઓના જાતીય શોષણ, જમીન પચાવી પાડવા અને અન્ય ગંભીર ગુનાઓનો આરોપ છે. આ કેસ સાથે જોડાયેલા કેટલાક પુરાવા પોલીસના હાથમાં આવ્યા છે. ખરાટના રાજકીય નેતાઓ સાથે સંબંધો હોવાનું પણ બહાર આવ્યું છે.

પૂજા કરતી વખતે તેમના કેટલાક ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. દરમિયાન, ભોંડુબાબા અશોક ખરાટના શિવનિકા ટ્રસ્ટની તપાસ થવા જઈ રહી છે. સૂત્રો કહે છે કે નાસિક પોલીસ મહિલા પાંખનાં અધ્યક્ષ રૂપાલી ચાકણકર અને દીપક કેસરકરની તપાસ કરશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ અંગે વિધાનસભામાં નિવેદન આપ્યું હતું. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજકીય નેતાઓની પણ તપાસ થઈ શકે છે.

બળાત્કારના આરોપી અશોક ખરાટનું સાચું નામ લક્ષ્મણ ખરાટ છે. તે ૧૦માં ધોરણમાં ગણિતમાં નાપાસ થયો હતો, છતાં પણ તે અંકશાસ્ત્રમાં નિષ્ણાત હોવાનો દાવો કરતો હતો. પોલીસને હજુ સુધી ખરાટના અંકશાસ્ત્રી તરીકેના દરજ્જાને સાબિત કરતું કોઈ સત્તાવાર પ્રમાણપત્ર મળ્યું નથી. માર્કશીટ મુજબ તેણે હાઇસ્કૂલમાં કુલ ૨૫૧ ગુણ મેળવ્યા હતા, જેની ટકાવારી ૩૫.૮૮ છે. તે સિન્નર તાલુકાના વાવીમાં માધ્યમિક શાળામાં અભ્યાસ કરતો હતો.

હવે તેની સામે ખંડણી, માનવ બલિદાન અને મેલીવિદ્યા વિરોધી કાયદા હેઠળ બીજો કેસ દાખલ કરવામાં આવ્યો છે. અશોક ખરાટે જે વ્યક્તિ વિરુદ્ધ નાસિકના વાવી પોલીસ સ્ટેશનમાં ખંડણીનો કેસ દાખલ કર્યો હતો, તેણે હવે તેની સામે આ કેસ દાખલ કર્યો છે. આ વ્યક્તિનો આરોપ છે કે જ્યોતિષ અશોક ખરાટે પુણે સ્થિત એક બિલ્ડર પાસેથી ૫ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. અશોક ખરાટે ફરિયાદીને લોજિસ્ટિક્સ વ્યવસાયમાં સારી શરૂઆત કરવા માટે અવતાર પૂજા કરવાની સલાહ આપી હતી. પૂજા શરૂ કરતા પહેલાં ફરિયાદીને મર્સિડીઝ કાર ખરીદવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, તેને નકલી સાપથી ધમકી આપવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે પારસની શક્તિ મેળવવા માટે તેને ૨૧ દેશોમાં મુસાફરી કરવી પડશે. જો તેણે આમ ન કર્યું, તો તેને નાગ દેવતાના ડંખની ધમકી આપીને ઘણા દેશોમાં લઈ જવામાં આવ્યો હતો અને તમામ ખર્ચ ઉઠાવવા માટે કહ્યું હતું. અશોક ખરાટે સાત મહિનાની ગર્ભવતી મહિલાને પુત્ર અને સુરક્ષિત પ્રસૂતિનું વચન આપીને ફસાવી હતી. તેણે મંત્ર જાપના બહાને, આંખો પર પટ્ટી બાંધીને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો.

આ ઘટના બાદ, તે ડિપ્રેશનમાં સરી પડી અને પોલીસ ફરિયાદ નોંધાવી. ૨૦૨૦ માં બીજી એક મહિલા તેના સંપર્કમાં આવી. અશોક ખરાટે ભગવાનનો અવતાર હોવાનો દાવો કરીને છૂટાછેડા પછી લગ્નના બહાને મહિલા પર બળાત્કાર કર્યો.

સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) સ્વ-ઘોષિત ધર્મગુરુ અને બળાત્કારના આરોપી અશોક ખરાટ સામેના કેસોની તપાસ કરી રહી છે. તપાસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. એવું બહાર આવ્યું છે કે સ્વ-ઘોષિત બાબા જાદુઈ મધ વેચતો હતો અને દાવો કરતો હતો કે તે તુર્કીની ગુફામાંથી એકત્રિત કરાયેલું એક દુર્લભ મધ છે. અશોક ખરાટના ગ્રાહકોમાં રાજકારણીઓ સહિત ઘણા પ્રભાવશાળી વ્યક્તિઓનો સમાવેશ થતો હતો, જેઓ ઘણીવાર તેમની જાતીય સમસ્યાઓ અને શારીરિક નબળાઈની સારવાર માટે તેમની પાસે આવતા હતા. તેણે આ મધ આ વગદાર ગ્રાહકોને વેચ્યું અને તેને ચમત્કારિક મધ તરીકે પ્રમોટ કર્યું હતું. તેણે દાવો કર્યો કે તેમાં જાદુઈ ગુણધર્મો છે અને તે વ્યક્તિને હંમેશા યુવાન રાખી શકે છે. તેણે પોતે આ મધનું સેવન કર્યું હતું.

આ મધની કિંમત પ્રતિ કિલો ૯ લાખ રૂપિયા સુધી હોઈ શકે છે. પરંતુ ઘરાટ આ મધને ૧૫ લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી વેચતો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે આ મધ વર્ષમાં ફક્ત એક જ વાર તુર્કીના આર્ટવિન શહેરમાં લગભગ ૧,૮૦૦ મીટર ઊંડી ગુફામાંથી કાઢવામાં આવે છે. જો કે, તે ખરેખર તેના ગ્રાહકોને શુદ્ધ એલ્વિસ મધ વેચતો હતો કે નહીં તે જાણવા માટે હજુ પણ તપાસ ચાલી રહી છે કે તેણે કોઈ પ્રકારના મધ સાથે ભેળસેળ કરીને બીજી છેતરપિંડી કરી હતી.

આજે પ્રકાશમાં આવેલી માહિતી અનુસાર, એવું કહેવામાં આવી રહ્યું છે કે NCPનાં રૂપાલી ચાકણકર અને શિંદે સેનાના નેતા અને ભૂતપૂર્વ શાળા શિક્ષણ પ્રધાન દીપક કેસરકર આ કેસમાં સંડોવાયેલા છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ટૂંક સમયમાં આ મામલે તેમની પૂછપરછ કરવામાં આવશે. એવી ચર્ચા છે કે જો આ કેસમાં તપાસ શરૂ કરવામાં આવે તો તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી રૂપાલી ચાકણકરને નેશનાલિસ્ટ કોંગ્રેસના પદ પરથી રાજીનામું આપવું પડી શકે છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે SIT એ ખરાટ સાથે જોડાયેલા લગભગ ૧,૫૦૦ કરોડ રૂપિયાના આર્થિક વ્યવહારોના દસ્તાવેજો, ૧૦૦ મહિલાઓના વાંધાજનક વીડિયો અને સંપત્તિ જપ્ત કર્યા છે. આવકવેરા વિભાગ અશોક ખરાટ અને તેના સહયોગીઓની નાણાંકીય અનિયમિતતાઓ અને સંપત્તિની તપાસ કરી રહ્યો છે, જ્યારે સાયબર પોલીસ વીડિયોની તપાસ કરી રહી છે. તેમણે કહ્યું કે તપાસના અવકાશ અને ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઘણી એજન્સીઓ દ્વારા સંયુક્ત તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે અશોક ખરાટની તપાસનો વ્યાપ વધારવાનો હેતુ ડિજિટલ, ફોરેન્સિક્સ અને નાણાંકીય વ્યવહારો સહિત પુરાવાના જટિલ સ્તરોનું સંચાલન કરવાનો છે. અધિકારીએ જણાવ્યું હતું કે SIT એ ખાતરી આપી છે કે અશોક ખરાટ દ્વારા કરવામાં આવેલા ગુનાઓ વિશે માહિતી આપનારાઓની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અશોક ખરાટ અઘોરી પરંપરાઓમાં માનતો હતો. તેના કબજામાંથી કસ્તુરી મળી આવી હતી અને તે હરણનો શિકાર કરતો હતો કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપ્લોન	રૂા.	૭૫/૩૬ ''	૧૩૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૯	૫૦/૩૬ ''	૧૪૬	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૦
૩૦/૩૬ એફડી	૨૭૬	૫૦/૪૮ SD/કેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૮/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૬	૩૦/૧૪ ક્રિમ્પ	૧૮૦
૬૮/૩૬	૧૩૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૫	૬૮ ક્રિમ્પ	૧૪૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫	૮૦/૭૨ રોટો	૧૪૧	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૭	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૮	૧૬૦ ડીસ્કેટ	૧૪૭	૮૦/૭૨ રોટો	૧૩૯
૮૦/૩૬ રોટો.	૧૩૯	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૮

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૩૦	કોપરેલ	૫૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૩૦	વનસ્પતિ ઘી	૨૪૫૦
સીંગતેલ (૫ લી)	૯૭૦	સનફ્લાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૫૮૦	તલતેલ	૪૬૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૩૫૦	દિવેલ	૨૪૫૦
કપાસીયા (૫ લિ.)	૮૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૨૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૨૫૦
એસ-૩૦	૪૧૫૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૪૭૬૮૦
તેજાબી સોનું	૧૪૭૫૯૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૦૨૯૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૪૪૭૨૫
સોનાનાં બિસ્કીટ	૧૪૭૬૮૦૦
ચાંદી (૯૯૯)	૨૨૭૬૦૦
ચાંદી સિક્કા	૨૨૯૧૦૦

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ 6
ઓછામાં ઓછા ૧૨ શબ્દો +(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

બેંકિંગ ક્ષેત્રમાં
ટેલિકોલીંગ માટે હિન્દી અને ગુજરાતી 20 Female તાત્કાલિક જોઈએ છે પગાર ધોરણ 10000 થી 20000 સુધી. 08976373893/ 09998435614 (પાર્ટટાઈમ નથી/ વર્ક ફ્રોમ હોમ નથી)

ઓફિસ, બેંક
અને બહારના કામ માટે છોકરાઓ જોઈએ છે 12 પાસ ડિપ્લોમા તથા કોમ્પ્યુટરનું જ્ઞાન જરૂરી આકર્ષક પગાર સાથે સંપર્ક 9726222200

જોઈએ છે
9:30 થી 6 વાગ્યા સુધી,